# પ્રેસનોટ

સુરત શહેરમાં ગુજરત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા મેટ્રો પ્રોજેક્ટની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેને અનુંશંધાને જાહેર જનતાને તકલીફ ન પડે તે માટે મા.પોલીસ કમિશનરશ્રી દ્વારા વિવિધ સમયે જાહેરનામાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે અને રસ્તાઓને ડાયવર્ઝન આપવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા સંચાલિત સુરત સીટીલિંક લિ. દ્વારા સુરત શહેરમાં ચલાવવામાં આવતી સીટીબસ અને BRTS બસ સેવાના વિવિધ રૂટમાં મા.પોલીસ કમિશનરશ્રીના જાહેરનામાને ધ્યાને લઇ તેમજ સુરત શહેરની જનતાને અગવડતા ન પડે તે માટે વિવિધ BRTS અને સીટીબસના રૂટને ડાયવર્ઝન આપવામાં આવનાર છે અને તેનો અમલ તા.૨૯/૧૧/૨૦૨૧ સોમવારના રોજથી કરવામાં આવનાર છે. જેની વિગત નીચે મુજબ છે.

| સુરત BRTS રૂટની માહિતી | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ નંબર | રૂટ નંબર | રૂટનું નામ | હયાત રૂટની વિગત | ડાયવર્ઝન બાદ થનાર રૂટની વિગત | ડાયવર્ઝનને કારણે છુટી જનાર સ્ટોપની વિગત |
| ૧ | ૧૭ | પાલ RTO થી કામરેજ ટર્મિનલ | જીલાની બ્રીજ,રેલ્વે સ્ટેશન, સરથાણા નેચરપાર્ક | જીલાની બ્રીજ, કિરણ હોસ્પિટલ,અલકાપુરી બ્રીજ,ભાવની સર્કલ થઇ અશ્વનીકુમાર રોડ થઇ ને સેન્ટર વેર હાઉસ, સરથાણા નેચરપાર્ક | ગોટાલાવાડી,પટેલવાડી, સુરત રેલ્વે સ્ટેશન,વરછા હેલ્થ સેન્ટર |
| ૨ | ૧૭ઈ | કામરેજ ટર્મિનલ થી સચિન રેલ્વે સ્ટેશન | સરથાણા નેચરપાર્ક થી DGVCL ઉર્જા સદન, રેલ્વે સ્ટેશન, ખરવરનગર | સરથાણા નેચરપાર્ક,પોદાર આર્કેડ, જે.બી.ડાયમંડ સર્કલ,વસંત ભીખની વાડી,ખાડી મહોલ્લાશાળા, ગુ.હા.બોર્ડ,બોમ્બે માર્કેટ, સહારા દરવાજા, ખરવરનગર | વરાછા હેલ્થ સેન્ટર,સુરત રેલ્વે સ્ટેશન,લીનીયર બસ સ્ટોપ, ગોલ્ડન પોઈન્ટ,સહારા દરવાજા |

| સુરત સીટીરૂટની માહિતી | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ નંબર | રૂટ નંબર | રૂટનું નામ | હયાત રૂટની વિગત | ડાયવર્ઝન બાદ થનાર રૂટની વિગત | ડાયવર્ઝનને કારણે છુટી જનાર સ્ટોપની વિગત |
| ૧ | ૧૦૩ | સુરત ઇસ્ટ થી વેલંજા ગામ | માતાવાડી ચોક, રચના સોસ.,ઉતરાણ પાવર હાઉસ- મોટાવરાછા વોર્ડ ઓફીસ | આ રૂટ જે.બી. ડાયમંડ થી શરુ થશે | લંબે હનુમાન |
| ૨ | ૧૦૬ | સુરત સ્ટેશન થી આભવા ગામ | ચોક ટર્મિનલ, સેવન્થ ડે સ્કુલ, પાર્લેપોઇન્ટ, SVNIT | મક્કાઈ પુલ, અડાજણ પાટિયા, નેહરુ બ્રીજ, SVNIT | ચોક ટર્મિનલ |
| ૩ | ૧૧૮ | સુરત સ્ટેશન થી સાયણ રેલ્વે સ્ટેશન | અશ્વનીકુમાર કુમાર સ્મશાનગૃહ, અમરોલી ચાર રસ્તા, વસવારી ગામ, દેલાડ પાટિયા | પટેલ વાડી,ગોટલાવાડી, કતારગામ પોલીસ સ્ટેશન કતારગામ BRTS થઇ ગજેરા સર્કલ, દેલાડ પાટિયા | અશ્વનીકુમાર રોડ, વિધિભવન,ઉમિયાચોક,લેપ્રોસી હોસ્પિટલ,પટેલ નગર,ગૌશાળા ફુલપાડા, અશ્વનીકુમાર સ્મશાન ગૃહ,કતારગામ GIDC,ફુલપાડા રોડ BRTS |
| ૪ | ૨૦૨ | મકાકાઈપુલ થી લક્ષ્મીધામ સોસા. | SMC ઓફીસ, વાડીનાથ ચોક, હોડીબંગલા, હરેક્રિષ્ના સર્કલ | મક્કાઈપુલ, જીલાની બ્રીજ, હરેક્રિષ્ના સર્કલ | ચોક ટર્મિનલ |
| ૫ | ૨૦૪ | ચોક થી ગોડાદરા ગામ | ન્યુ સિવિલ હોસ્પિટલ, કમેલા દરવાજા,મોડલ ટાઉન ડુંભાલ, પર્વતપાટિયા | મક્કાઈ પુલ થી શરુ કરવામાં આવશે | ચોક ટર્મિનલ |
| ૬ | ૨૦૫ | ચોકથી ગભેણી ગામ/કનકપુર ગામ | મજુરા ગેટ,સોસ્યો સર્કલ,પાંડેસરા,વડોદ ગામ | મક્કાઈ પુલ થી શરુ કરવામાં આવશે | ચોક ટર્મિનલ |
| ૭ | ૨૦૬ | ચોકથી સી.કે.પીઠાવાલા કોલેજ | અઠવાગેટ,પાર્લેપોઈન્ટ, SVNIT મગદલ્લા | મક્કાઈ પુલ થી શરુ કરવામાં આવશે | ચોક ટર્મિનલ |
| ૮ | ૨૦૭ | મક્કાઈપુલ ટર્મિનલ થી વૈષ્ણવદેવી હાઈટસ | અડાજણ પાટિયા જીલાની કોમ્પલેક્ષ, રામનગર,સુભાષચોક | મક્કાઈ પુલ થી શરુ કરવામાં આવશે | ચોક ટર્મિનલ |
| ૯ | ૨૦૯ | કતારગામ ઇન્ડસ્ટ્રીયલ એરિયા થી ડીંડોલી | ભરીમાતા મંદિર, ચોક ટર્મિનલ,નવસારી બજાર,ખોડીયાર નગર | મક્કાઈપુલ, જીલાની બ્રીજ, ખોડીયાર નગર | ચોક ટર્મિનલ |
| ૧૦ | ૨૧૨ | ચોક ટર્મિનલ થી વરીયાવ ગામ | SMC ઓફીસ ,હોડી બંગલા, ગજેરા સર્કલ ,કોસાડ હોઉસીગ | મક્કાઈપુલ, જીલાની બ્રીજ, કોસાડ હોઉસીગ | ચોક ટર્મિનલ |
| ૧૧ | ૨૧૬ | ચોક થી ભીમપોર /કાદીફળિયા | અઠવાગેટ SVNIT,સુરત એરપોર્ટ | મક્કાઈ પુલ થી શરુ કરવામાં આવશે | ચોક ટર્મિનલ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨ | ૨૧૭ | મક્કાઈપુલ થી ભેસાણ ગામ | નેહરુ બ્રીજ,પ્રાઈમ માર્કેટ,હની પાર્ક રોડ એલપીસવાણી | મક્કાઈ પુલ થી શરુ કરવામાં આવશે | ચોક ટર્મિનલ |
| ૧૩ | ૨૨૯ | કોસાડગામ થી VNSGU | ગજેર સર્કલ, ચોક ટર્મિનલ, અઠવાગેટ, પીપલોદ | મક્કાઈપુલ, જીલાની બ્રીજ, પીપલોદ | ચોક ટર્મિનલ |

ઉધના સચિન વિસ્તારના મુસાફરોને સુરત રેલ્વે સ્ટેશન જવા માટે ખરવરનગર પરથી ઈંટરચેન્જ લઇ રૂટ નં - ૦૧-૦૨ અને ૨૦ ની બસ મારફતે જઈ શકશે.

પાલ-અડાજણ વિસ્તારમાં મુસાફરો ને સુરત રેલ્વે સ્ટેશન જવા માટે કતારગામ દરવાજા થી ઈંટરચેન્જ લઇ રૂટ નં – ૨૦,૧૧૨ અને ૧૧૮ ની બસ મારફતે જઈ શકશે.

આ ઉપરાંત મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત મા.પોલીસ કમિશનરશ્રી દ્વારા ભવિષ્યમાં થનાર ડાયવર્ઝન અન્વયે ટ્રાફિક વિભાગ સાથે જરૂરી સંકલન કરી સીટી તથા **BRTS** રૂટોમાં ફેરફાર કરવામાં આવશે.

વધુમાં શહેરીજનોએ કોવીડ-૧૯ નો ફેલાવો અટકાવવા માટે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર દ્વારાવખતો વખત નિર્દેશિત કરવામાં આવેલ તકેદારી રાખવાની રહેશે અને ફરજીયાત માસ્ક પહેરીને, સોશિયલ ડીસ્ટનસિંગ જાળવી તેમજ મુસાફરી દરમ્યાન વેક્સીન સર્ટિફિકેટ સાથે રાખવા અપીલ કરવામાં આવે છે.

જેની શહેરીજનોએ ખાસ નોંધ લેવા જણાવવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ......................................
તા.૨૭/૧૧/૨૦૨૧